Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મુ. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.
અંક ૮ મો. તા ૧૫-૩-૫૧ ફાલ્ગુન.

વાર્ષિક લવાજમ રૂા. ૩-૭-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી અજિતનાથ જિન સ્તવન ... ... ... ( લે. મુનિશ્રી રુચકવિજયજી ) ૧૩૧
૨ આંતરનાદ ... ... ... ... ( લે. ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી ) ૧૩૨
૩ જેસલમેર સાહિત્ય સમાચાર... ... ... ... ... ... ( સભા ) ૧૩૩
૪ ષડ્દર્શનસમુચ્ચય અને એની ટીકાઓ... ( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) ૧૩૫
૫ ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... ...( લે. મૌક્તિક ) ૧૩૯
૬ શ્રી સુબાહુજિન સ્તવન. સાર્થ ... ( લે. ડૉકટર વલ્લભદાસ નેણશીભાઇ મોરબી ) ૧૪૦
૭ જૈન સસ્તા સાહિત્ય સંબંધી ( કમીટી ) ... ... ... ... ... ૧૪૪
૮ વર્તમાન સમાચાર પ્રતિષ્ઠા મહોત્સવ, વિહાર દર્શન, પંન્યાસ પદાર્પણ, ધ્રાંગધ્રા બોર્ડીંગ ઉદ્દઘાટન, ભાવનગર કોમર્સ હાઇસ્કુલ ઉદ્દઘાટન, ભાવનગર રાહત મંડળ ઇનામી મેળાવડો( સભા ) ૧૪૩ થા ૧૪૬


## આ માસમાં થયેલ માનવંતા લાઇફ મેમ્બરો.

| | |
|---|---|
| ૧ શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ કપડવંજ પેટ્રન | ૫ શ્રી કચ્છી વીસા ઓ. સામાયિક મંડળ પ્ર. વ. લા. મે. |
| ૨ પારેખ ધનજીભાઇ દામોદરદાસ પ્ર.વ.લા.મે. | ૬ શાહ મનસુખલાલ જેચંદભાઈ ,, |
| ૩ વોરા છોટાલાલ મુળચંદભાઇ ,, | ૭ શાહ અમૃતલાલ નાનચંદ ,, |
| ૪ દોસી વિનયચંદ હરિલાલ ,, | ૮ શાહ હસમુખરાય પ્રાગજીભાઈ બી. વ. લા. મે. |

# સ્વીકાર–સમાલોચના.

**દુર્લભ કાવ્ય કલ્લોલ**—પ્રથમ અને બીજો ભાગ. અઢાર પાપસ્થાનક, બાર ભાવના, સિદ્ધગિરિ સ્તવનો, ચોવીશ જિન સ્તવનો વગેરે ભિન્ન ભિન્ન વિષયો ઉપર સાદી સરલ, ગુજરાતી ભાષામાં કાવ્યોની રચના કરી છે. તેઓશ્રીએ પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે પિંગળનો અભ્યાસ કરેલો હોવાથી આવા વિષયો ઉપર આવી રચના બની શકેલ છે. આ ગ્રંથના બીજા ભાગમાં નવસ્મરણ, ગૃહસ્થાશ્રમ, કર્મવિપાક, નવસ્મરણ, દ્રુમપત્રનો અનુવાદ વગેરે નવ વિષયોનો કાવ્યોરૂપેની કૃતિ છે તેની રચના પણ સાદી, સરળ હોઇ કાવ્ય રસિકોને આનંદ ઉપજાવે તેવું છે. ચાલતી લાઇબ્રેરીને શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર તરફથી પત્ર લખવાથી ભેટ મળી શકશે.

**સંદેશ–સુધા**—લેખક શ્રીમાન વિજયલબ્ધિસૂરીશ્વરજીના શિષ્યરત્ન શ્રી પ્રવીણવિજયજી ગણિવર પ્રકાશ તલેગામ–દાભડા જૈન સંઘ કિંમત અમૂલ્ય. જુદા જુદા સમયે જુદા જુદા વિષયી ઉપર લખેલા લેખોનો આ સંગ્રહ પરમાત્માનો સુંદર સંદેશ બાળજીવો સમજી શકે તેવી ગુજરાતી સરલ ભાષામાં લખેલ છે. જે માનવ જીવનની સફળતા અમુક અંશે કરે તેવો ઉપદેશ છે, જે મનન કરવા યોગ્ય છે.

**જૈનદર્શન**— લેખક, ન્યાયતીર્થ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ, પ્રકાશક હેમચંદ્રાચાર્ય જૈન સભા પાટણ ( ગુજરાત ) તરફથી ભેટ મળેલ છે. લેખક મુનિરાજશ્રીએ આ ગ્રંથ જૈનેતર વિદ્વાનો કે જેઓ જૈન ધર્મનું સ્વરૂપ જાણવાના જિજ્ઞાસુઓ માટે એક સુંદર કૃતિ બનાવી છે. જગત, નવતત્ત્વો, સાધુ, ગૃહસ્થધર્મ, સમ્યક્ત્વ, જ્ઞાન, ગુણસ્થાન, અધ્યાત્મ, જૈનાચાર, દેવગુરૂ, ધર્મ, ભગવાન-મૂર્તિ, હિંસાની તરતમતા, જીવનનિર્વાહના માટેનો વિચાર, દાનના પ્રકારો, મૈત્રી આદિ ચાર ભાવનાઓ, વિશ્વપ્રેમ, સમાજ હિત ભાવના, જ્ઞાનભક્તિ, શ્રદ્ધા, વૈરાગ્ય, મુક્તિ, ન્યાય પરિભાષા, સ્યાદ્વાદ, સપ્તભંગી,

( ટા. પા. ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—

A75



શેઠ સાહેબ ચિમનલાલ ડાહ્યાભાઈ ( કપડવંજ )

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી ચીમનલાલ ડાહ્યાભાઈના જીવનનો ટુંક પરિચય.

શેઠશ્રી ચીમનલાલભાઈનો કર્પૂરનગર ઉર્ફે કપડવંજમાં સંવત ૧૯૫૫ સને ૧૯૦૧ના જુન માસમાં થયો હતો. તેમની માતુશ્રીનું નામ **પરશનબ્હેન** છે. તેમણે ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. શેઠ સાહેબનું ગણિત ઘણુંજ સ્ટ્રોન્ગ (મજબુત) હોવાથી તેમની કેલક્યુલેશન (ગણત્રીની શક્તિ) અસાધારણ હતી. તેઓશ્રી સુખી કુટુંબની એક પાઈ પણ લીધા વિના પુરુષાર્થવડે લક્ષાધિપતિની કોટીમાં મૂકાયા છે, જે તેમની તેજ–કુશાગ્રબુદ્ધિ શક્તિનો જ પ્રભાવ છે. તેઓશ્રી સત્તર વર્ષની વયે વેપારમાં જોડાયા અને પ્રથમ ભાગીદારીમાં કાપડનો વ્યાપાર શરૂ કર્યો હતો. બે વર્ષ બાદ શંકરલાલ આદીતલાલના પુત્ર ભાઈશ્રી જયંતિલાલના ભાગમાં **"જયન્ત મેટલ મેન્યુફેક્ચરીંગ વર્ક"** શરૂ કર્યું. સને ૧૯૩૬ સાલમાં શેઠ સાહેબે **"ઈન્ડીઅન સ્ટાન્ડર્ડ મેટલ વર્ક"** એક જર્મન વેપારીના ભાગમાં બીઝનેશ શરૂ કર્યું, જે હિન્દુસ્તાનમાં અત્યારે પહેલું જ વર્ક છે. સને ૧૯૩૯ માં એન્ટીમની (સુરમાની ધાતુ) જે ઇન્ડીયામાં પહેલવહેલી જ શોધાઇ તે માઇન (ખાણ)નું છોટાલાલ પરીખના ભાગમાં ૬૦ વર્ષનું લીઝ લઇ શરૂ કર્યું. આ ખાણ **ચિત્રાલ** હિન્દુસ્તાનના પહાડી પહાડોમાં પાકીસ્તાનની સરહદ નજીક અને પેશાવરથી ૨૫૦ માઈલ દૂર છે. તે મેટલને સાફ કરવાને માટે મોટું જંગી કારખાનું ખોલવામાં આવ્યું છે. આવાં મહાન કારખાનાં જવલ્લેજ હશે. **"જયન્ત મેન્યુફેકચરીંગ વર્ક"** અત્યારે એક હિન્દુસ્તાનમાં મોટામાં મોટું અને અજોડ કારખાનું છે, જે ઘણી ઊંચી કવોલીટીનો માલ બનાવે છે, તેમણે હાલમાં લાખોના ખરચે બંધાવેલ છે. સને ૧૯૪૦ માં ભાઈશ્રી જયંતીલાલનું અવસાન થતાં સઘળાં કારખાનાનો ભાર શેઠ સાહેબ ચીમનલાલભાઈએ પોતે ઉપાડયો છે. આ ઉપરથી તેમની વેપારી કુનેહ, બાહોશી, સાહસિક સ્વભાવ, ધીરજ, ખંત અને હિંમતનો ખ્યાલ આવતા આવા મહાન ઉદ્યોગપતિ માટે માન ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિ. શ્રીમંતમાંથી શ્રીમંત થવાય છે, પરંતુ આવી કુશળતાપૂર્વક વ્યાપાર નિષ્ણાતપણાએ લાખોપતિની સ્થિતિએ પહોંચવું તે તો પૂર્વપૂણ્યયોગ, બુદ્ધિમત્તા અને મહાન પુરૂષાર્થને જ આભારી છે. ચિત્રાલ જેવા અતિ દૂરના પહાડીમાં પહાડી પ્રદેશોમાં જઇ ખાણ રાખવી તે કેટલા સાહસિકપણા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિંમતનું કામ છે તે સહેજે સર્વને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું છે. શેઠશ્રી ચીમનલાલભાઇ જેવા જૈન સમાજમાં બાહોશ અને સાહસિક વેપારી બહુ થોડા જ છે. તે જેવા બાહોશ અને લક્ષ્મીપતિ છે તેવા જ સ્વભાવે ઉદાર, નમ્ર, સાદા, સરલ અને મિલનસાર છે. ધર્મની ધગશને લઇને તેમણે સં. ૧૯૯૯ માં શાસનદિવાકર આગમોદ્ધારક **શ્રી સાગરાનંદસૂરીશ્વરજી**ના નેતૃત્વ નીચે ચૈત્રમાસની ઓળીમહોત્સવ ઉજવ્યો હતો. તે વખતે ઘણી વિધવિધ જાતની રચનાઓ કરી સારી ભક્તિ કરી હતી. બહાર ગામથી દર્શન કરવા લગભગ પંદર હજાર માણસ આવ્યું હતું. આ મહોત્સવ પ્રસંગે શેઠશ્રી ચીમનલાલભાઇએ લગભગ પોણો લાખ રૂપીઆ ઉદારતાપૂર્વક ખરચ્યા હતા અને કપડવંજ ગામમાં અત્યાર સુધી ૫૦૦ વર્ષમાં આવો મહોત્સવ થયો ન હતો એમ ગણાય છે. તેમણે ભાઈશ્રી જયંતીલાલનું સને ૧૯૪૦ની સાલમાં અવસાન થતાં તેમના સ્મારકનિમિત્તે કપડવંજમાં **જયન્ત મેડીકલ સાર્વજનિક હોસ્પીટલ** નામની ફ્રી ડીસ્પેન્સરી (દવાખાનું) ખોલ્યું છે, જે કપડવંજના નાગરિકોને એક આશીર્વાદરૂપ છે. તેનાં સારા કવોલીફાઈડ ડોકટર અને લેડી ડોકટરની પણ નિમણુક કરી હતી. આ દવાખાના માટે તેમણે સાઠ હજારનું જુદું જ ટ્રસ્ટ કર્યું છેઃ છતાં તે અંગે થતો વધુ ખર્ચ પોતે આપે છે. તેઓ તેમની જ્ઞાતિમાં પણ અગ્રગણ્યમાં ગણાય છે, તેમ સંઘમાં પણ સારો મોભો ધરાવે છે. તેઓ અવારનવાર ગુપ્ત સખાવતો કરે છે. જ્ઞાતિબન્ધુઓને પણ યોગ્ય સહાય આપે છે. આવા બાહોશ વેપારીનો આપણી વેપારી આલમે પણ ધડો લેવા જેવો છે. તેમના પિતાશ્રી સંવત ૧૯૭૪ના આસો વદી ૧૩ ના દિવસે ૫૭ વર્ષની વયે પંચત્વ પામ્યા હતા. તેમના કુટુંબમાં પત્ની, ભાઈ તથા બે દિકરા અને ચાર દિકરીઓ છે તે પૈકી બ્હેન **પ્રમીલા**એ હમણા જ મેટ્રીક પાસ થઈ કોલેજનો અભ્યાસ શરુ કર્યો છે. આવા ઉદાર પુણ્યપ્રભાવક ઉદ્યોગપતિ શેઠ ચીમનલાલ ભાઇએ મેળવેલ સુકૃત લક્ષ્મી વડે ધર્મ, જ્ઞાતિ અને દેશહિતાર્થે સખાવતો કરી રહ્યા છે તે જાણી અમારો આનંદ વિશેષ વ્યક્ત કરીએ છીએ. અમારી વિનંતિથી પેટ્રનપદ સ્વીકારવા માટે શેઠ સાહેબનો આભાર માનીએ છીએ અને પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે શેઠ સાહેબ **ચીમનલાલભાઇ** દીર્ઘાયુ થઈ આર્થિક, શારીરિક અને આધ્યાત્મિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરી આત્મ કલ્યાણ સાધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૭. ફાગણ પુસ્તક ૪૮ મું.

વિક્રમ સં. ૨૦૦૭. :: તા. ૧૫ મી માર્ચ ૧૯૫૧ :: અંક ૮ મો.

## શ્રી અજિતનાથ જિન સ્તવન

રાગ–દુર્ગા.

ખોલ નયન જિન દેખ, વિવેકી. એ આંકણી.

વિજયાસુત જિનપતિ મન મોહે,
અન્તર ઘટ સુવિવેક, વિવેકી;
આતમભાવ જગે જસ ચિત્તે,
નિજ પરિણુતિની ટેક, વિવેકી. ॥ ૧ ॥
મિલિત કરમ–જીવ ભિન્ન કુરુતે,
ક્ષીર–નીર મુનિહંસ, વિવેકી;
સુલભ સદા અવિવેક સંસારે,
વિવેક દુર્લભ અત્યંત, વિવેકી. ॥ ૨ ॥
ભવકોટિ તું ખલકમાં ભટકે,
દુર્લભ **ભેદવિવેક**, વિવેકી;
અજિત દર્શનથી આશુ હોવે,
જીવ–કરમ સુવિવેક, વિવેકી. ॥ ૩ ॥
તું તુજને નિહાળે આતમ,
વિસરે દેહ વિભાવ, વિવેકી;
અન્તર ઘટ આદર અધ્યાતમ,
જિન મુખ દર્શન ભાવ, વિવેકી. ॥ ૪ ॥
મૈત્ર્યાદિવાસિત ચિત્ત હોવે,
ઉચિત ક્રિયાની બુદ્ધિ, વિવેકી;
જિતારિ નૃપ નંદની પાવે,
રૂચક કૃપાની વૃદ્ધિ, વિવેકી. ॥ ૫ ॥

મુનિશ્રી રૂચકવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *આંતરનાદ.

ॐ नमो अर्हते योगिनाथाय।
सद्‌चिदानंदस्वरूपाय।

Yoginath Arhte, my respects to thee;
Sat, Chit, Anand, is always He. ૧.

ધ્યાન, સમાધિ તાંતણે, ચઢે યોગી આકાશ;
જ્યોતિ ઝળહળમાં સમે, ભૂલે વિશ્વના તાપ.

Concentration string on, climbs reflective mind;
Merging in his light's dazzle, world's wails dont him bind. ૨.

ભૂલી જતો સ્થૂળ જગતને, ભૂલતો જગ સંતાપ;
નયન મીંચાણાં જગ ભણી, ભીતર ભર્યો ઉજાસ.

(When) One forgets this earth solid, and its endless woes;
(When) One ignores all things mundane, inner light then glows. ૩.

લોહું કંચન સમ ગણે, શત્રુમિત્ર સમભાવ;
સુખદુ:ખના ત્યાં શાં ગજા, કોણ પૂછે તસ ભાવ?

When iron, Gold are equal, friend and foe are one;
Misery, mirth lose their effect, who cares, Surely none. ૪.

ગાતાં પ્રભુના ગીતડાં, વહે અશ્રુની ધાર;
તેય હ્રુદયના ડંખ તો, જાણે જગદાધાર.

Singing Songs of God good, Flow tears in Streams;
Hearts pangs' Stings none knows oh! He hears their screams. ૫.

ભક્તિસાગર ઉછળે, ડૂબે ભક્ત તસ માંય;
જયમ જયમ ઊંડા ઉતરે, મળે મુક્તાફળ ત્યાંય.

When devotion has its, tide in fullest force;
One goes deep and deep oh, and finds Him of course. ૬.

"હું" ભૂલો, "મારૂં" ભૂલો, પછી દેહ માટીના ભૂલો;
તવ ભાન ભીતરનું થાશે, કંઇ અજબ શાંતિ વ્યાપશે.

"I" forget and "Mine" too, and bodies of Flesh;
Then wilt know who shines within, mied Silence void of clash. ૭.

એ કલ્પતરુ, એ કામધેનુ, એ સકળ સુખની વેલડી;
એ તિમિર ટાળક તેજ ઝળહળ, એ સુરત સાકર શેલડી.

Kalpataru He, Kamdudha He, bliss-giver with grace;
Dazzling He drives darkness, sweet charming his face. ૮.

રચયિતા—ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.

---

* અંગ્રેજી મસ્તના સહકારથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *જેસલમેર સાહિત્ય–સમાચાર

મુ૦ જેસલમેર સં. ૨૦૦૭, પોષ વદિ ૩, મુનિ પુણ્યવિજય તરફથી–મુ. બાલાપુર–મુનિશ્રી જંબૂવિજયજી યોગ્ય. અહીં આનંદ થાય છે.

દીલ્હી તમે મોકલાવેલ નકલ પહોંચી ગઈ છે. ભાઈ ફત્તેચંદ બેલાણી અહીં ફોટોગ્રાફીની માઈક્રોફિલ્મ લઇને આવ્યા હતા. આખી ફિલ્મ અહીં મેં પ્રોજેકટરમાં નજરે જોઈ લીધી છે. એક ફિલ્મમાં પાંચ હજાર પાનાનાં ફોટા આવી ગયા છે. તમે જાણીને પ્રસન્ન થશો કે જેસલમેરના અર્ધા ભંડાર જેટલી પ્રતિઓના ફોટાઓ લેવરાવ્યા છે. એકંદરે એકસો સીત્તેર પ્રતિઓના ફોટાઓ લેવરાવાશે. શ્લોકસંખ્યાના હિસાબે ગણો તો સાત લાખ શ્લોક જેટલા ગ્રંથોની ફોટો–કોપી આવશે અને તે એટલી જ થશે કે તમે બગલમાં મારીને ચાલો. તમે જે ગ્રંથોની કલ્પના નહીં કરી હોય, અમે તે બધા ય ગ્રંથોના ફોટા લેવરાવ્યા છે. દાર્શનિક ગ્રંથો તો લગભગ બધા આવી જશે. આગમો, વૃત્તિઓ, ચૂર્ણિયો, ભાષ્યો, પ્રકરણો, કથાઓ, ચરિત્રો, વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર, નાટકો, દાર્શનિક સાહિત્ય વગેરે ઘણું ઘણું આ ફોટોગ્રાફીમાં સમાઇ ગયું છે. તમે ઈચ્છેલા બધા જ ગ્રંથો આવી ગયા છે.

ન્યાયકંદલીની અહીં ત્રણ પ્રતો છે. એ ત્રણે સાથે મેળવાઇને એક પાઠભેદની યાદી તૈયાર થઇ ગઇ છે. આ કામ ભાઈ જિતેન્દ્ર જેટલી જેઓ એમ. એ ન્યાયાચાર્ય છે તેમણે કર્યું છે. એમણે કાર્બન પેપર રાખીને બે નકલો કરી છે જેમાંની એક નકલ આપણા પાસે રહેશે અને એક તેમની પાસે રહેશે. તમે જે રીતે ઇચ્છતા હતા તે રીતે જ આ પાઠભેદોની યાદી તૈયાર થઇ છે. તમને અવસરે મોકલી આપીશ. ન્યાયકંદલી વિના કામ નહીં આવે.

ભાઈ જિતેંદ્ર જેટલીએ ન્યાયકંદલી ઉપરનું નરચંદ્રનું ટિપ્પણ પણ તૈયાર કર્યું છે. તેઓ એના ઉપર જ પી. એચડી. નો થીસીસ તૈયાર કરી રહ્યા છે.

હવે તેઓ પંચપ્રસ્થાન મેળવી રહ્યા છે. પ્રશસ્તપાદભાષ્ય પણ મેળવાઇ ગયું છે. અહીંના ભંડારમાં ન્યાયસૂત્ર ભાષ્ય વાર્તિક, તાત્પર્ય પરિશુદ્ધિ અને શ્રીકંઠીય ટિપ્પણ અને પંચપ્રસ્થાન આ ગ્રંથોની માર્જીનલ વિશિષ્ટ નોટસવાળી બે નકલો છે. અમે બંને ય નકલોના ફોટાઓ લેવરાવ્યા છે. તમે જાણીને રાજી થશો કે આ બે પોથીઓ કાગળ ઉપર લખાયેલી છે, જે પૈકીની એક ૧૨૭૯ માં લખાયેલી છે. કાગળ ઉપર લખાયેલી પ્રાચીન પ્રતિના નમૂના તરીકે પણ આ અપૂર્વ વસ્તુ છે. અહીં એક પોથી ૧૨૪૬ માં કાગળ ઉપર લખેલી છે. હજુ સુધી કાગળ ઉપર લખાયેલી આટલી પુરાણી પ્રતિ કયાંય મળી નથી.

ટિબેટન સેટ માટે બેલાણીને વાત કરી દીધી છે. ચીનના એલચી સાથે એ વિષે વાત ચોક્કસ કરશે વિ૦ તમે જે ટિબેટન ગ્રંથનું નામ મને લખ્યું હતું તે જો મળી જશે તો તેની માઇક્રોફિલ્મ કોપી કરાવી લેવા મેં કહી દીધું છે.

વિ૦ તમે જાણીને ખુશ થશો કે માઇક્રો-

*જૈનપત્ર ૫૦ અંક ૭, માહ શુદ ૧૧ના અંકમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફિલ્મ ફોટોગ્રાફી આપણને ઘણી સસ્તી પડશે. એક ફુટ ફિલ્મ ફોટોનો માત્ર સવા રૂપિયો. એક ફુટમાં આઠ શોટ્સ આવે છે અને એક શોટમાં લાંબી પોથી હોય તો આઠ પાનાં અને નાની હોય તો સોળ પાનાં આવી જાય છે. આ સાથે તમને બે ફિલ્મપીસ મોકલું છું. એક દશવૈકાલિક ચૂર્ણિનો છે અને બીજો ચંદ્રલેખા-નાટિકાનો છે. ચંદ્રલેખાનો ફોટો કેવો આવે છે તેનો એક ફોટોપીસ મોકલું છું. તમે જોશો. તમને ખ્યાલ આવે તે માટે જ મોકલું છું.

એકંદર એટલા ફોટાઓ થશે કે આખો સેટ ફોટાઓનો જે ખરીદશે તેને પંદર હજારનો ખર્ચ લાગશે, પણ જેસલમેરનો ભંડાર ત્યાં આવી ગયો સમજવાનો. આપણને માઇક્રો-ફિલ્મ નકલ નેગેટિવ અને પોઝીટિવ બંનેયનો ખર્ચ ૩૦૦૦ થી ૩૫૦૦ રૂપિયા લાગશે, પણ ભંડાર આટલામાં આવી ગયો સમજવો. ફિલ્મ વાંચવા માટે પ્રોજેકટર કે રીડરનો ઉપયોગ કરવો પડે અને એમાં ઇલેકટ્રીક કરંટ વાપરવો પડે છે. પ્રોજેકટરદ્વારા આપણે જેવડા અક્ષરો કરવા હોય તેવા બની શકે. મોટા ભમરડા જેવી સાઇઝના અક્ષરો પણ થઇ શકે છે, રીડરમાં રીડરની સાઇઝ નાની હોય તો નાના અક્ષરો દેખાય અને મોટી હોય તો મોટા, પણ તે ગ્રંથથી મોટા નહીં જ, જ્યારે પ્રોજેકટરમાં તો તમે એક હાથનો પણ અક્ષર વાંચી શકો.

ચીનથી જો બંને સેટ મળતાં હશે તો બંને માટે તપાસ કરાવીશું. તપાસ થયા બાદ શું ખર્ચ કહે છે વગેરે સમાચાર મળ્યે તમને જણાવીશ.

વિહાર કઇ બાજુ થવાનો છે! વિગેરે જણાવશો. અમારો વિહાર ફાગણ શુદિમાં થશે, ત્યાં સુધી તો અહીં જ સ્થિરતા છે. હજુ ભંડાર ગોઠવાયો નથી. દિલ્હીથી પુસ્તકો આવ્યા બાદ બધું તૈયાર થશે. સમાપ્તિ હોવાથી કામની ગડમથલ ઘણી રહે છે અને છેવટે ઘણી જ રહેશે. અહીં તો રાત છે કે નહીં તે જ પત્તો નથી એવું છે. કામ તો એટલું બધું થયું છે કે તમે શાબાશી જ આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ષડ્દર્શનસમુચ્ચય અને એની ટીકાઓ.

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા. એમ. એ. )

'દર્શન' એટલે તત્ત્વજ્ઞાન સંબંધી વિશિષ્ટ વિચારસરણી. આને અંગ્રેજીમાં 'system of philosophy' કહે છે. એની સંખ્યા વર્ગીકરણના દૃષ્ટિબિન્દુ ઉપર અવલંબે છે. દર્શનોના જે ભારતીય અને અ-ભારતીય એવા બે વર્ગો પડી શકે તેમાં ભારતીય દર્શનો તરીકે મોટે ભાગે છની સંખ્યા દર્શાવાય છે. વૈદિક હિન્દુઓ-ગ્રંથકારો વગેરે સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત એમ [1]છ દર્શનો ગણાવે છે, અને એને જ 'આસ્તિક દર્શન' ગણે છે. નાસ્તિક દર્શનો તરીકે તેઓ ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનનો ઉલ્લેખ કરે છે. મહત્તરા યાકિનીના ધર્મપુત્ર તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ **ષડ્દર્શનસમુચ્ચય** નામની કૃતિ ૮૭ પદ્યોમાં સંસ્કૃતમાં રચી છે. આના બીજા પદ્યમાં નીચે મુજબ છ દર્શનો ગણાવાયાં છે:—

(૧) બૌદ્ધ, (૨) નૈયાયિક, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) વૈશેષિક અને (૬) જૈમિનીય.

૭૯ મા પદ્યમાં કહ્યું છે કે જેઓ નૈયાયિક અને વૈશેષિકને અભિન્ન ગણે છે તેઓ છ દર્શન ગણાવતી વેળા લોકાયત-મતનો અર્થાત્ ચાર્વાક દર્શનનો ઉલ્લેખ કરે છે.

જૈન ગ્રંથકારોમાં સ્વમતના નિરૂપણ ઉપરાંત પરમતનું વ્યવસ્થિત સ્વરૂપ પ્રતિપાદન કરવાની પહેલ કરનાર **સિદ્ધસેન** દિવાકર છે. એ પ્રતિભા-મૂર્તિને પગલે ચાલીને-એમની રચેલી [2]**દ્વાત્રિંશિકાઓને** લક્ષ્યમાં રાખીને હરિભદ્રસૂરિએ છ દર્શનોનું નિરૂપણ કર્યું છે. આ ઉપરથી અન્ય જૈન મુનિવરો પણ વિવિધ દર્શનોનું નિરૂપણ કરવા પ્રેરાયા છે. અને માધવાચાર્યે તો એથી પણ આગળ વધીને સર્વ-દર્શનોના સમૂહરૂપ **સર્વદર્શનસંગ્રહ** નામની કૃતિ રચી છે.[3]

૧ કેટલાક પૂર્વ-મીમાંસા અને ઉત્તર-મીમાંસા, સેશ્વર-સાંખ્ય અને નિરીશ્વર-સાંખ્ય. તેમજ સોળ પદાર્થ જણાવનાર ન્યાય અને સાત પદાર્થ જણાવનાર ન્યાય ( વૈશેષિક ) એમ છ દર્શન ગણાવે છે વળી કેટલાક સૌત્રાંતિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક એમ બૌદ્ધ દર્શનના ચાર પ્રકારોમાં જૈન અને લૌકાયતિક દર્શન ઉમેરી છ દર્શનો ગણાવે છે. કેટલાક આ બંને પ્રકારે છ છ દર્શન ગણાવી દર્શનોની સંખ્યા બારની દર્શાવે છે. આ ઉપરાંતની કેટલીક બાબતો મેં "જૈન સત્ય પ્રકાશ" (વ. ૯, અં. ૩) માં પ્રસિદ્ધ થયેલા મારા લેખ નામે "દર્શનોની ગણના અને ઘટના" માં આપી છે.

૨ **ન્યાયાવતાર** ઉપરાંતની એકવીસ દ્વાત્રિંશિકાઓ જે છપાયેલી છે તેમાંની પહેલી પાંચ, ૧૧ મી અને ૨૧ મી સ્તુતિ વિષયક છે; છઠ્ઠી ને આઠમી સમીક્ષાત્મક છે; અને બાકીની બધી દાર્શનિક તેમજ વસ્તુચર્ચાત્મક છે. ૧૨મીમાં **ન્યાયદર્શનનું**, ૧૩મીમાં **સાંખ્ય** દર્શનનું, ૧૪મીમાં વૈશેષિક દર્શનનું અને ૧૫મીમાં બૌદ્ધ દર્શનનું નિરૂપણ છે. ૧૭થી ૨૦મીમાં જૈન દર્શનનું સ્વરૂપ વર્ણવાયું છે, જો કે આ ચાર દ્વાત્રિંશિકાઓમાં અશુદ્ધિઓ ઘણી હોવાથી એ બરાબર સમજાતું નથી. ૧૬મી દ્વાત્રિંશિકા **નિયતિવાદને** અંગે હોવાનું કહેવાય છે, પણ એ વિચારવા જેવી બાબત છે. ત્રીજી દ્વાત્રિંશિકામાં કોઇ 'નિયતિ' શબ્દ છે, જ્યારે આમાં તો એ શબ્દ પણ નથી. ત્રીજી દ્વાત્રિંશિકામાં કોઇ દાર્શનિક વિષયની ચર્ચા છે એ વાત ખરી, પણ "તે બહુ ગૂઢ તથા તાર્કિક વિશ્લેષણવાળી છે."

૩ જૈ. સ. પ્ર. (વ. ૧૬, અં. ૨)માં **સર્વ-સિદ્ધાન્તપ્રવેશક** એ નામનો મુનિશ્રી જંબૂવિજયજીનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છ દર્શનોને લગતી કૃતિઓ હું ગણાવું તે પૂર્વે બે બાબતોય હું નોંધું છું:—

(૧) **સૂયગડ**( સુયકખંધ ૧, અજઝયણ ૧૨ )ની **ટીકા**( પત્ર ૨૨૫અ-૨૨૯આ ) માં **શીલાંકસૂરિએ** નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ એ ચાર દર્શનોના સિદ્ધાંતોનું નિરૂપણ કરી એનું ખંડન કર્યું છે.

(૨) પાંચ દર્શનોનું સ્વરૂપ રજૂ કરતી એક કૃતિ તો છે જ. એનું નામ **પંચદર્શન સ્વરૂપ** છે. **જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૨૨૫ )માં એના કર્તા તરીકે **મુનિસુંદર(સૂરિ)**નો અને આ કૃતિના અપર-નામ તરીકે **ત્રૈવિદ્યગોષ્ઠી**નો ઉલ્લેખ છે, પરંતુ એ બંને બાબત ગલત છે.

**અધ્યાત્મકલ્પદ્રુમ**ને અંગે સ્વ. **મોહનલાલ** દ. દેસાઇનો વિસ્તૃત "પરિચય" છપાયો છે. એના પત્ર ૨૫આ માં **પંચદર્શનસ્વરૂપ** **મુનિસુંદરસૂરિ**ની કૃતિ કહેવાની ભૂલ કરાઇ છે, પરંતુ પત્ર ૫૩અમાં એ સુધારી લેવાઇ છે. અને આમ આ કોઇ બીજાની કૃતિ હોવાનું જણાવાયું છે.

"ભાંડારકર પ્રાચ્યવિદ્યાસંશોધન મંદિર" સરકારની માલિકીની જે લગભગ ૨૫૦૦૦ હાથપોથીઓ છે તેમાં વિ. સં. ૧૫૧૦ માં લખાયેલી એક હાથપોથી છે. આ તેર પત્રની પોથીમાં પહેલા બાર પત્રોમાં **ત્રૈવિદ્યગોષ્ઠી** છે અને એના પછી બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, વૈશેષિક અને જૈમિનીય એ પાંચ દર્શનનાં લક્ષણ ઇત્યાદિ સંક્ષેપમાં સંસ્કૃતમાં રજૂ કરતી **પંચ-દર્શનસ્વરૂપ** નામની કોઇકની કૃતિ છે. આ લખાણને મળતી આવતી અને એથી કરીને આ જ કૃતિ હોવાનો ખ્યાલ કરાવતી એક બીજી હાથપોથી અહીંના-સુરતના એક ભંડારમાં છે,[1] આ નાનકડી કૃતિ છપાવવા જેવી છે.

**પંચદર્શનખંડ**—આ નામની એક કૃતિ **જૈન ગ્રંથાવલી**( પૃ. ૮૫ )માં નોંધાયેલી છે. શું એમાં પાંચ દર્શનોનું નિરૂપણ છે? આ પાંચ દર્શનો અજૈન દર્શનો છે અને હોય તો કયાં? આમ વિવિધ પ્રશ્નો આને અંગે સ્ફુરે છે. એના ઉત્તરો જાણવા બાકી રહે છે.

છ દર્શનોને અંગે હારિભદ્રીય **ષડ્દર્શનસમુચ્ચય** ઉપરાંત બીજી પણ કૃતિઓ છે:—

(૧) 'મલધારી' **રાજશેખરસૂરિએ** ૧૮૦ પદ્યોમાં **ષડ્દર્શનસમુચ્ચય**ની રચના કરી છે. આના ઉપર અજ્ઞાતકર્તૃક ટીકા છે. મૂળ કૃતિ તો બે સ્થળેથી છપાયેલી છે, તો આ ટીકા પણ છપાય તો સારું.

(૨) **મહેન્દ્રપ્રભસૂરિ**ના શિષ્ય **મેરુતુંગે** **ષડ્દર્શન-સમુચ્ચય** રચ્યો છે. **સત્તરિ**ના ઉપર વિ. સં. ૧૪૪૯ માં જે ભાસ આ મુનિવરે રચ્યું છે તેની પ્રશસ્તિમાં આ કૃતિની નોંધ છે. આને **ષડ્દર્શન-નિર્ણય** પણ કહે છે. આમાં બૌદ્ધ, મીમાંસા, સાંખ્ય, ન્યાય, વૈશેષિક અને જૈન એ છ દર્શનોનું નિરૂપણ છે. આની એક જ હાથપોથી હોય એમ જણાય છે. એ મુંબઇની "રૉયલ એશિયાટિક સોસાયટી" ના પુસ્તકાલયમાં છે. એની નોંધ પ્રો. વેલણકરે એમના સૂચીપત્રમાં લીધી છે. આ કૃતિ કોઇ સ્થળેથી પ્રસિદ્ધ કરાઇ હોય એમ જણાતું નથી તો એ માટે યોગ્ય પ્રબંધ થવો ઘટે.

પ્રો. વેલણકરે **જિનરત્નકોશ**(પૃ ૪૦૨-૩)માં જે નીચે મુજબની કૃતિઓ નોંધી છે તે સંબંધમાં વિશેષ માહિતી મેળવવા એની હાથપોથીઓ તપાસાવી જોઇએ:—

(૧) **ષડ્દર્શનખંડન**

(૨) **ષડ્દર્શનદિઙ્માત્રવિચાર**

---

લેખ છપાયો છે. એમાં એમણે **સર્વસિદ્ધાંતસંગ્રહ**નો ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં એમણે અજ્ઞાતકર્તૃક પરંતુ જૈન કૃતિ નામે **સર્વસિદ્ધાન્તપ્રવેશક**નો નૈયાયિક દર્શન પૂરતો વિભાગ રજૂ કર્યો છે.

૧ જુઓ ઉપદેશરત્નાકરની મારી "ભૂમિકા" (પૃ. ૬૮-૬૯).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ ) ષડ્દર્શનનિર્ણયોપનિષદ્

( ૪ ) શુભચન્દ્રકૃત ષડ્દર્શનપ્રમાણપ્રમેય

( ૫ ) ષડ્દર્શનસંક્ષેપ

( ૬ ) ષડ્દર્શનસ્વરૂપ

( ૭ ) ષણ્મતનાટક

"મુક્તાબાઇ જ્ઞાનમંદિર" ( ડભોઇ ) તરફથી વિ. સં. ૨૦૦૬ માં પ્રકાશિત અને શ્રીવિજયજંબૂસૂરિદ્વારા સંપાદિત **ષડ્દર્શનસમુચ્ચયની** ( **વિદ્યાતિલકકૃત** વૃત્તિ સહિત ) આવૃત્તિના અંતમાં કોઇકે સંસ્કૃતમાં રચેલો **લઘુષડ્દર્શનસમુચ્ચય** છપાયેલો છે. આમાં પ્રારંભમાં બે પદ્યો છે, અંતમાં પદ્યમાં એક અવતરણ છે. વચમાં પણ એક અવતરણ છે. એ સિવાયનો ભાગ ગદ્યમાં છે. અંતમાં નયો પ્રમાણે દર્શનોનું વર્ગીકરણ છે. આ લઘુ કૃતિ આ નામે તો **જિનરત્નકોશ**માં નોંધાયેલી નથી, પરંતુ ઉપર જે છ કૃતિઓ મેં ગણાવી છે તેમાંની કોઇક હોય તો ના નહિ. અંતિમ નિર્ણય માટે તો એની હાથપોથીઓ તપાસાવી જોઇએ.

હારિભદ્રીય **ષડ્દર્શનસમુચ્ચય** અને એના ઉપરની ટીકાઓ વિષે મેં **અનેકાન્ત-જયપતાકા-** ( ખંડ ૨ )ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાતમાં થોડોઘણો વિચાર અંગ્રેજીમાં કર્યો છે અને હરિભદ્રસૂરિને અંગે ગુજરાતીમાં તૈયાર થતા મારા પુસ્તકમાં પણ મેં કર્યો છે એટલે અહીં તો એના ઉપરની ટીકાઓ ગણાવી મણિભદ્રકૃત ટીકા વિષે જ વિચાર કરીશ.

**જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૪૦૨-૩ )માં આઠ ટીકાની નોંધ છેઃ—

( ૧ ) **તર્કરહસ્ય દીપિકા.**

( ૨ ) **વિદ્યાતિલક ઉર્ફે સોમતિલકસૂરિએ** વિ. સં. ૧૩૯૨ માં રચેલી ટીકા.

( ૩ ) મણિભદ્રકૃત ટીકા.

( ૪ ) ૧૫૦૦ શ્લોક જેવડી રાજહંસે રચેલી ટીકા.

( ૫ ) ''સજ્જ્ઞાનદર્પણતલે'' થી શરૂ થતી ટીકા

( ૬ ) વિ. સં. ૧૨૯૫ માં રચાયેલી એક અવચૂરિ.

( ૭ ) બ્રહ્મ શાંતિદાસે રચેલી અવચૂર્ણિ.

( ૮ ) અજ્ઞાતકર્તૃક ટીકા.

આથી ઉપર્યુક્ત સટીક **ષડ્દર્શનસમુચ્ચયના** નિવેદન( પૃ. ૧૦ )માંનો શ્રી વિજયજંબૂસૂરિનો નીચે મુજબનો ઉલ્લેખ વિચારણીય ઠરે છે.[1]

ષડ્દર્શન ઉપર એક આ, અને બીજી આ શ્રી ગુણરત્નસૂરિજીની બૃહટ્ટીકા એમ બે જ ટીકાઓ છે, ત્રીજી કોઇપણ જોવામાં આવેલ નથી.

આ સૂરિએ "નિવેદન"( પૃ. ૮-૧૦ )માં કહ્યું છે કે વિ. સં. ૧૯૬૨ માં ચોખંબા સિરીઝ ( બનારસ ) તરફથી જે મણિભદ્રસૂરિના નામથી ટીકા પ્રસિદ્ધ થઇ છે તે ખરી રીતે **વિદ્યાતિલકની** જ ટીકા છે. આમ કહેવા માટે એમણે એ હેતુ દર્શાવ્યો છે કે મણિભદ્ર નામના કોઇ આચાર્યની જૈ. સા. સં. ઇ. માં નોંધ નથી. વળી એમનું કહેવું એ પણ છે કે પ્રશસ્તિ ચોરાઇ ગયેલી હાથપોથી ઉપરથી સંપાદન કરાયું હશે. એમાં એ હાથપોથી લખનારનું મણિભદ્ર નામ હશે અને તેને વૃત્તિકારનું નામ સમજવાની ભૂલ થઇ હશે.

આ સંબંધમાં તપાસ કરતાં મારું માનવું નીચે મુજબ થાય છેઃ—

"ચોખંબા સંસ્કૃત સિરીઝ" તરફથી મણિભદ્રના નામપૂર્વક છપાયેલી લઘુ ટીકા તે જ **વિદ્યાતિલકના** નામથી છપાયેલી ટીકા છે, ફેર બે બાબત પૂરતો જ છે.

૧ "નિવેદન" ( પૃ. ૭ ) માં ષડ્દર્શનને અંગે હારિભદ્રીય અને રાજશેખરીય બે જ કૃતિઓ જોવાય છે એમ જે કહ્યું છે તે પણ બરાબર નથી.

૨ પ્રશસ્તિ ચોરી લેવાની એ વાતનું **સમર્થન** **વૃત્તરત્નાકર** ઉપર **સમયસુંદરે** રચેલી ટીકાની પ્રશસ્તિમાંની નીચે મુજબની પંક્તિદ્વારા થાય છેઃ—

**"कोऽपि मत्सरी मूढः प्रशस्तिचोरविष्यति"**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) પ્રશસ્તિ તરીકે **વિદ્યાતિલક**કૃત વૃત્તિવાળી આવૃત્તિમાં સાત પદ્યો છે, જ્યારે ચો. સં. સિ.વાળી આવૃત્તિમાં એક જ ( સાતમું જ ) પદ્ય છે, બાકીનાં નથી.

(૨) ચો. સં. સિ.માં અંતમાંની પુષ્પિકામાં **"मणिभद्रकृता लघुवृत्तिः समाप्ता"** એવો ઉલ્લેખ છે.[1] એવી રીતે **વિદ્યાતિલક**કૃત વૃત્તિવાળી આવૃત્તિમાં **વિદ્યાતિલકને** અંગે ઉલ્લેખ છે.

ચો. સં. સિ.માં [2]ભૂમિકા ( પૃ. ૩ )માં દામોદરલાલ ગોસ્વામીએ કહ્યું છે કે **મણિભદ્રસૂરિ**નો વૃત્તાંત જાણવા માટે ઘણી શોધ કરવા છતાં એ મળ્યો નહિ.

આ ભૂમિકામાં **સર્વદર્શનસંગ્રહ** અને **સર્વદર્શનશિરોમણિ**માં અન્ય રીતે દર્શનો ગણાવાયા છે એમ કહ્યું છે. વિશેષમાં અહીં બે હાથપોથીનો ઉલ્લેખ છે. તેમાં એક હાથપોથી જયપુરના સાહિત્યાચાર્ય **વિહારિલાલ શાસ્ત્રી**ની પાસેથી સંપાદકે મેળવેલી. બીજી વૃંદાવનમાંના 'મદનગોપાલ' પુસ્તકાલય આ બે હાથપોથીમાંથી એકેનો પરિચય અપાયો નથી એટલે એ કેટલી પ્રાચીન અને વિશ્વસનીય છે તે જાણી શકાતું નથી.

**જિનરત્નકોશ**( ભા. ૧ ) માં વિવિધ ભંડારો વગેરેમાંની હાથપોથીઓની નોંધ છે. એમાં **મણિભદ્ર** કે **મુણિભદ્રસૂરિ** તરફથી રચાયેલી ટીકાનો એકે હાથપોથી વિષે ઉલ્લેખ નથી. આ ઉપરથી એવી સંભાવનાને અવકાશ રહે છે કે **મણિભદ્રે** કોઈ ટીકા રચી જ નહિ હોય.

૧ આ ઉલ્લેખ હાથપોથીમાં છે કે સંપાદક દામોદરલાલે પોતાની તરફથી રજૂ કર્યો છે ?

૨ પૃ. ૨માં, હરિભદ્રસૂરિએ વેદાંત દર્શન ગણાવ્યું નથી એ બદલ એમના આ વિભાગીચરણને સખત શબ્દોમાં વખોડ્યું છે.

કોઇ ગ્રંથકારનું નામ **મણિભદ્ર** હોય એમ મારા જાણવા જોવામાં નથી.

**વિદ્યાતિલક**નું જ બીજું નામ **મણિભદ્ર** છે, એમ માનવા માટે કોઇ આધાર નથી.

**જિનરત્નકોશ**માં **सज्ज्ञानदर्पणतलेथी** શરૂ થતી ટીકાની નોંધ છે.

વિદ્યાતિલકની ટીકાનો પ્રારંભ પણ આ રીતે છે. કદાચ આ આ જ ટીકા હશે. જો તેમજ હોય તો આ ટીકાના કર્તા તરીકે **મણિભદ્ર**નું નામ નથી એ વસ્તુ સૂચક ગણાય.

**મણિભદ્રે** **ષડ્દર્શનસમુચ્ચય** ઉપર ટીકા રચી છે એવી કોઇ પ્રશસ્તિમાં કે અન્ય કોઇ ગ્રંથકારની કૃતિમાં ઉલ્લેખ હોય એમ જણાતું નથી.

આ પ્રમાણેની વિવિધ હકીકતો વિચારતાં અત્યારે તો એ નિર્ણય પર હું આવું છું કે ટીકાકાર તરીકે **મણિભદ્ર** એ નામ સાચું નથી અને ખરું નામ **વિદ્યાતિલક** ઉર્ફે **સોમતિલકસૂરિ** જ છે. તેમ છતાં આ વિધાનને ચકાસી જોવા માટે પ્રયત્નો તો ચાલુ જ રહે એ ઇષ્ટ છે, કેમકે દરેક હાથપોથી નોંધાઇ નથી તેમજ દરેક પ્રશસ્તિ વગેરે તપાસાયેલ નથી.

**તફડંચી–લૌકિક ન્યાયાંજલિ** ( ભા. ૧, પૃ. ૯ ) માં કર્નલ જી. એ. જેકબે નીચે મુજબની મતલબનો ઉલ્લેખ કર્યો છે:—

આ ચોખંબા સં. સિરીઝમાં છપાયેલી **મણિભદ્ર**કૃત ટીકામાં જૈન દર્શનને લગતું લગભગ અડધું પ્રકરણ **સ્યાદ્વાદમંજરી** સાથે અક્ષરશઃ મળે છે. તો આ **મણિભદ્રે** તફડંચી કરી છે કે **મલ્લિષેણે !**

આ **મણિભદ્ર** નામ ખોટું છે અને **વિદ્યાતિલક** નામ સાચું છે એમ સ્વીકારીએ તો **સ્યાદ્વાદમંજરી**માંથી આ ઉદ્ધૃત કરાયું છે એમ માનવું જોઇએ એટલે **મલ્લિષેણ** તો તફડંચી કરનાર નથી જ. વળી **મણિભદ્રે** પણ............ (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-કૌશલ્ય.

( ૭૭ )

**જો આપણને સારાપણામાં વિશ્વાસ હશે તો આપણે સારો વિચાર કરશું અને સારું કરશું. જ્યારે વિશ્વાસ આવે છે, ત્યારે ભય ઊડી જાય છે.**

જૈન ધર્મમાં આસ્થાને મજબૂત સ્થાન છે–તે એટલે સુધી છે કે ઉમાસ્વાતિ મહારાજ કહે છે તે પ્રમાણે **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** તેમાં તેમણે દર્શનને જ્ઞાનથી પણ વધારે પ્રાધાન્ય સ્થાન આપ્યું છે અને મૂળ સૂત્રોમાં જોશો તો તેમાં દર્શનને જ જ્ઞાનથી વધારે પ્રાધાન્ય આપ્યું છે, એટલે દર્શનમાં તમને શ્રદ્ધા હોવી જોઇએ. અને તે ખાસ જરૂરી છે. તમે જ્ઞાન વગર ચલાવી શકો. જો કે જ્ઞાનને પણ એટલું જ અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે, પણ તમે દર્શનનો એકડો કાઢી-ભુંસી નાંખી શકો નહિ એટલે આસ્થાને ઘણું મહત્વનું સ્થાન આપી તેનું મૂલ્ય વધારવામાં આવ્યું છે. જો તમે આસ્થા રાખો તો પર્વતને પણ ડોલાવી શકો અને મહામુશ્કેલ લાગતા કામને પણ કરી શકો. કેટલાક લોક શ્રદ્ધા અને અંધશ્રદ્ધામાં તફાવત પાડે છે તે ખોટો છે, શ્રદ્ધામાં અંધતાનો અંશ આવી જાય છે. **पुरुषविश्वासे वचनविश्वासः** એટલે તમે જે પુરુષના અનુયાયી હોવાનો દાવો કરો તેની આપ્તતાની પરીક્ષા કરો તેમાં કાંઇ વાંધો નથી, પણ એક વાર વિશ્વાસ આવ્યો એટલે બેસી જાઓ અને તે લોકાલોકના ભાવ કરો–તે સ્વીકારો. એમાં તમે કાંઇ ખોટું કરતા નથી એટલે આસ્થા–શ્રદ્ધા હોવી જ જોઇએ અને તેને અપનાવવાનો આપણે ધર્મ સ્વીકારવો જ જોઇએ એટલે સર્વ વાતમાં આસ્થા બડી ચીજ છે. એ વગર આપણું ગાડું ગબડે તેમ નથી જ.

આપ્તપુરુષ નિઃસંગી, અમાયી, અલોભી, હોવો જોઇએ, એનામાં કષાયો ન હોવા જોઇએ, એ અક્રોધી, અમાની હોવો જોઇએ અને ખાસ કરીને એ નિઃસ્વાર્થી હોવો જોઇએ. એ સર્વ તમારા પ્રણેતા આપ્તપુરુષમાં છે કે નહિ તેની ખાતરી કરો અને પછી લોકાલોકના જે તત્ત્વો એ કહે તે સ્વીકારો, એમાં જ્યાં તમારી બુદ્ધિ અટકે ત્યાં શ્રદ્ધાને સ્થાન લેવા દો અને તમે એક સારાપણાનો જ દાખલો લો. તમને તે પર શ્રદ્ધા હશે તો તમે સારો વિચાર કરશો અને તમારી આવડત અને શક્તિ પ્રમાણે સારું જ કરશો. એમ સારાપણા ઉપરથી કોઇ પણ સદ્દગુણ ઉપર જઇ શકશો અને **'આપ ભલા તો જગ ભલા'** એ કહેવતનો તમને સાક્ષાત્કાર થશે માટે સારાપણામાં પણ તમારી શ્રદ્ધા હોવી જોઇએ અને તમને ભય છે કે સારા થવામાં તો સામો ગેરલાભ લઇ લે, એ તમારી વાત ખોટી છે. શ્રદ્ધા હોય તો ભય ઊડી જાય છે, માટે શ્રદ્ધાને કાયમ કરો અને તેનો બને તેટલો લાભ લો. ધર્મીષ્ઠ માણસને શ્રદ્ધા એ પ્રથમ અંગ અને ભારે અગત્ય ધરાવતું અંગ છે અને તમે ધર્મીષ્ઠ છો એમ ધારીને આ શ્રદ્ધાનો બોધપાઠ તમને આપવામાં આવ્યો છે. તીર્થંકર કે આચાર્યે તેને મહત્વ આપ્યું છે, તેમને કોઇ પ્રકારનો સ્વાર્થ નહોતો અને તેમના વચન સદીઓથી ઉપકારી નીવડયા છે. આ સર્વ વાતનું ધ્યાન રાખી તમે શ્રદ્ધાળુ થાઓ અને વક્તાના ગુણદોષ તપાસો, આ અગત્યના સૂત્ર ખૂબ વિચાર કરો એ ઇચ્છવા યોગ્ય છે.

મૌક્તિક

---

If we have faith in goodness we should think and do good. Wben faith comes in fear flees.

**Anon—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# ચતુર્થ શ્રી સુબાહુ જિનસ્તવન—

## સ્પષ્ટાર્થ સાથે.

સં.—ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ—મોરબી.

શ્રી સુબાહુ જિન અંતરજામી,
મુજ મનનો વિશરામી રે. પ્રભુ
આતમ ધર્મતણો આરામી,
પરપરિણતિ નિષ્કામી રે.
પ્રભુ અંતરજામી. શ્રી (૧)

**સ્પષ્ટાર્થઃ**—શુદ્ધ અને તીક્ષ્ણ ઉપયોગમાં પરમ સ્થિરતા, એકાગ્રતા ધારણ કરી રાગદ્વેષરૂપ મહાન્ શત્રુઓને જીતેલા હે શ્રી સુબાહુ સ્વામી! કેવળજ્ઞાન, દર્શન ઉપયોગવડે મારા તેમજ સર્વે દ્રવ્યોના અંતર્ગત ભાવને ઇંદ્રિયાદિકની સહાય વિના પ્રત્યક્ષ જાણવા—દેખવાવાળા તથા સર્વદા પરમ સંવરમાં લીન હોવાથી અંતર્યામી છો.

સ્ત્રી—પુત્ર—મિત્રાદિ પરિજનો તથા ધન, ધાન્ય, હિરણ્ય, ક્ષેત્રાદિ પરદ્રવ્યના મનોજ્ઞ પર્યાયોને આપ સુખહેતુ જાણતા નથી, પરંતુ તેઓને જલના બુદ્બુદવત્ તથા વિજલીના ચમકારવત્ ક્ષણિક, પરાધીન, અતૃપ્તિના હેતુ તથા આત્મધર્મરોધક, રાગદ્વેષના નિમિત્ત, સંસાર પરિભ્રમણના નિમિત્ત સાક્ષાત્પણે જાણો છો માટે તે વિષયોની આપને કામના કેમ થાય? કદાપિ ન થાય તેથી આપ સદા નિઃકામી છો. જે મુગ્ધ પ્રાણીઓ તે વિષયોને સુખહેતુ જાણે તેઓને તેની કામના થાય એ તેજ તેની ચાહરૂપ દાહમાં પ્રવેશ કરી પોતાના આત્મભોગને દગ્ધ કરે, પણ આપ તો કેવલ સમ્યક્ જ્ઞાની હોવાથી શુભાશુભ-શાતા-અશાતા બન્નેના ઉદયને આત્મગુણના રોધક હોવાથી દુઃખરૂપ જ જુઓ છો. તેથી આપને તેની કામનાનો બિલકુલ સંભવ નથી. નિરંતર નિષ્કામી છો. તથા શુદ્ધાત્મ જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણને સ્વાધીન, અવિનશ્વર તથા પરમાનંદના હેતુ જાણી નિરંતર તેમાં જ રમણ કરવાવાલા તથા તેના જ ભોગમાં પરમ સંતુષ્ટ છો. એવી આપની પરમોત્કૃષ્ટ અવસ્થા જોઇ તે પદ સાધવાની મને રૂચિ થઇ, તથા તે પદ સાધવાનો સમીચીન માર્ગ પણ આપે બતાવ્યો તેથી ખરેખર મારા મનને પરમવિશ્રામના હેતુ આપ જ છો. (૧)

કેવલજ્ઞાન અનંત પ્રકાશી,
ભવિજન કમલ વિકાશી રે. પ્રભુ
ચિદાનંદ ઘન તત્ત્વ વિલાસી,
શુદ્ધ સ્વરૂપ નિવાસી રે. પ્રભુ. શ્રી. (૨)

**સ્પષ્ટાર્થ**:—અનંત કેવલજ્ઞાનરૂપ સૂર્યનો પ્રકાશ કરી ભવ્ય જીવોના હૃદય-કમલને વિકસ્વર કરનાર, જ્ઞાનાનંદના સમૂહ આત્મતત્ત્વમાં વિલાસ કરનાર તથા તેજ શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કરનાર છો.

અનાદિ કાલથી જ્ઞાનાવરણાદિ કર્મવડે આચ્છાદિત થયેલા અનંત કેવલજ્ઞાનરૂપ જલહલાયમાન અદ્વિતીય સૂર્યને, કર્મપડલનો નાશ કરી સંપૂર્ણપણે પ્રકાશમાન કરી અજ્ઞાનરૂપ અંધકારવડે આવૃત થયેલા, ભવ્ય જીવોના હૃદયકમલને જ્ઞાનકિરણોવડે પરમ પ્રફુલ્લિત કરનાર છો. રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ પરમદ્રવ્યના પર્યાયનો ભોગ—રમણ, આસ્વાદ, મૂર્ચ્છા, કામના વિગેરેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમૂલ નાશ કરી, રાગ દ્વેષાદિ વિભાવનો પરિહાર કરી પોતાના સહજ અવિનશ્વર જ્ઞાનસમૂહ આત્મતત્ત્વમાં વિલાસ કરનાર અર્થાત્ તેના ભોગમાં નિમગ્ન છો. તે જ શુદ્ધાત્મ સ્વરૂપમાં સદા નિવાસ કરો છો અર્થાત્ આપનો ઉપયોગ ત્યાંથી સમય માત્ર પણ ચલતો નથી. પરદ્રવ્યાદિક તરફ જતો નથી. (૨)

યદ્યપિ હું મોહાદિકે છલિયો,
પરપરિણતિ શું ભલિયો રે-પ્રભુ
હવે તુજ સમ મુજ સાહિબ મલિયો,
તિણે સવિ ભવ-ભય ટલિયો રે.
પ્રભુ અંતરજામી. શ્રી. (૩)

**સ્પષ્ટાર્થઃ**-જો કે હું મોહાદિવડે ઠગાયો, પરપરિણતિમાં તલ્લીન થઇ રહ્યો, પણ હવે તમારા જેવા સાહેબની વાણી સાંભળી મને પ્રતીત થવાથી મારો સર્વે ભવભય દૂર થયો. જો કે મોહ અજ્ઞાન મિથ્યાત્વાદિ દુષ્ટોએ મને વશ કરી મારી જ્ઞાનાદિ સંપદા ઠગી લીધી છે, મારા સહજ અનુપમ સુખભોગથી મને વિયોગી કર્યો છે, તેથી હું તે દુષ્ટોના વશમાં પડી અત્યંત કંગાલ અવસ્થાને ભોગવું છું.

પરપર્યાય-શરીર સ્વજન પરિજન તથા ધન ધાન્યાદિમાં અહં મમત્વ કરી તેને જ સુખ તથા સુખહેતુ જાણી તેની જ ઇચ્છા-કામના કરી. જેમ લીંમડામાં વસતો કીડો લીમડાના રસને જ મધુર માની તેમાં તલ્લીન રહે છે, ત્યાંથી નીકળવા ચાહતો નથી, તેમ હું તેમાં તલ્લીન થઇ રહ્યો તેથી વિરત થયો નહિ. પણ હવે હે કરુણાનિધે ! સર્વજ્ઞ અને વીતરાગ આપ જેવા સમર્થ સ્વામીની મને પ્રાપ્તિ થઈ, આપનું દર્શન પામ્યો તેથી અનંત રોગ-શોક, ભય, ક્રોધ, માન, માયા, લોભ, અરતિ, આદિથી ભરેલા ભવ-સમુદ્રમાં ભ્રમણ કરવાનો ભય દૂર થયો કારણ કે તે ભવભ્રમણની હવે અવધિ આવી. (૩)

ધ્યેય સ્વભાવે પ્રભુ અવધારી,
દુર્ધ્યાતા પરિણતિ વારી રે. પ્રભુ
ભાસન વીર્ય એકલા કારી,
ધ્યાન સહજ સંભારી રે પ્રભુ. શ્રી. (૪)

ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે,
પરપરિણતિ વિછેદે રે પ્રભુ
ધ્યાતા સાધક ભાવ ઉછેદે,
ધ્યેય સિદ્ધતા વેદે રે.
પ્રભુ અંતરજામી. (૫)

**સ્પષ્ટાર્થઃ**-પ્રભુપદને પોતાનું શુદ્ધ ધ્યેય જાણી, પોતાના હૃદયમાં સ્થાપન કરી, દુર્ધ્યાન-રૂપ પરિણતિને નિવારી, પોતાના જ્ઞાન વીર્યની સંપૂર્ણ એકતા, અભેદતા કરનારું, સહજ આત્મધ્યાન સંભારે તેથી પરપરિણતિનો સમૂલ વિચ્છેદ થાય, ત્યારે ધ્યાતા-ધ્યેય સમાધિમાં તલ્લીન થાય અને ધ્યેય પદની સિદ્ધિ-પ્રાપ્તિને વેદે ભોગવે ત્યારે ધ્યાતામાંથી સાધકપદ દૂર થાય.

જ્ઞાનાવરણાદિ સકલ કર્મના સંબંધથી સર્વથા મુક્ત કેવલજ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય-મય સહજ આત્મગુણના સમૂહરૂપ શ્રી સુબાહુ-સ્વામીના પરમાત્મ પદને શુદ્ધ ધ્યેય (ધ્યાવવા લાયક વસ્તુ) ધારી, જ્ઞાનપૂર્વક નિશ્ચય કરી, જન્મ-જરા-મરણરૂપ સંસારભ્રમણના હેતુભૂત શુદ્ધ પરિણતિથી વિમુખ, આર્ત્ત-રૌદ્ર પરિણામ વારે-દૂર કરે, (કારણ કે જ્યાંસુધી દુર્ધ્યાન પરિણામ વર્તે ત્યાંસુધી શુદ્ધ ધ્યાનને અવકાશ મળે નહીં, જેમ મલિન વસ્ત્ર ઉપર કેશરનો રંગ લાગે નહિ.) અને પરપરિણામાનુગત થયેલા, પોતાના આત્મવીર્યને સમેટી માત્ર શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્ર પરિણામમાં આત્મવીર્યને એકત્ર તલ્લીન કરે, અભેદ કરે એવું સહજ આત્મ-ધ્યાન આદરે, જેથી ધ્યેય સમાધિ અર્થાત્ શુદ્ધાત્મ અનુભવરૂપ નિર્વિકલ્પ, નિરાકુલ, નિરૂપચરિત સ્વતંત્ર પરમ સમાધિમાં મગ્ન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તલ્લીન થાય; તે વારે આત્મપરિણતિ મનોજ્ઞ અમનોજ્ઞ કોઈ પણ પરદ્રવ્યમાં રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામે વર્તે (ગમન કરે) નહિં તે વારે ધ્યેય પદની અર્થાત્ શુદ્ધ પરમાત્મપદની સિદ્ધિ થાય તેના અચલ, અનંત ભોગ-ઉપભોગનો સ્વામી થાય.

કહ્યું છે કે સમ્યગ્-દર્શન જ્ઞાન-ચારિત્રાત્મક મોક્ષમાર્ગમાં જે પુરુષ સ્થિત થાય છે, તેને જ જે નિરંતર ધ્યાવે છે, વળી તેને જ જાણે છે, તેને જ અનુભવે છે, વળી તેના જ વિષે વિહાર કરે છે, પ્રવર્તે છે પણ અન્ય દ્રવ્યમાં રંચ માત્ર સ્પર્શ કરતો નથી, તે અલ્પકાળમાં નિત્યોદય પરમાત્મ પદને પામે છે ત્યારે ધ્યાતામાંથી સાધક ભાવનો ઉચ્છેદ થાય છે. કારણ કે ધ્યેયની સંપૂર્ણ સિદ્ધિ થયા પછી સાધવાનું કંઇ બાકી રહ્યું નથી. જ્યાંસુધી કંઇ સાધવાનું બાકી હોય ત્યાં સુધી સાધકભાવ કહેવાય, જેમ ( કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી ) (૪-૫)

દ્રવ્ય ક્રિયા સાધન વિધિ યાચી,
જે જિન આગમ વાચી રે; પ્રભુ.
પરિણતિ વૃત્તિ વિભાવે રાચી,
તિણ નવિ થાયે સાચી રે. પ્રભુ૦ શ્રી (૬)

**સ્પષ્ટાર્થ**:-શુદ્ધ ધ્યેય જે પરમાત્મ-મોક્ષ પદ તેનું યથાર્થ સ્વરૂપ શ્રદ્ધાનપૂર્વક મેં ન જાણ્યું. તથા સાધ્ય સાપેક્ષ આચરણા ન આદરી ત્યાંસુધી મારી ચિત્તવૃત્તિ વિભાવમાં રાચી રહી અર્થાત્ આ લોક સંબંધી પંચ ઇંદ્રિયોના મનોજ્ઞ ભોગ્ય પદાર્થો તથા પરલોક સંબંધી સ્વર્ગાદિના ભોગમાં આસક્ત રહી તેની મનોકામના રહી તેથી આપના સત્ય પ્રમાણિક આગમમાં બતાવેલી સમિતિ, ગુપ્તિ, પરિષહસહન તથા ચારિત્ર, તપ, નિયમ આદિ પરમાત્મ પદની સાધનભૂત દ્રવ્ય ક્રિયાઓ પણ વિષ, ગરલ અને અન્યોન્ય અનુષ્ઠાનરૂપ હોવાથી પરમાર્થ મોક્ષપદને આપવા સમર્થ થઇ નહિ. જ્યાંસુધી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઇ નથી ત્યાંસુધી સર્વે ક્રિયાઓ શુદ્ધ ભાવ વિનાની અશુદ્ધ વિષ-ગરલ અન્યોન્ય અનુષ્ઠાનરૂપ જાણવી ( ૬ )

પણ ભય નહિ જિનરાજ પસાયે,
તત્વ રસાયણ પાયે રે, પ્રભુજી.
પ્રભુ ભગતે નિજ ચિત્ત વસાયે,
ભાવ-રોગ મિટ જાયે રે. પ્રભુ૦શ્રી. (૭)

**સ્પષ્ટાર્થ**:-પણ હવે મને ભય નથી કારણ કે જિનરાજના વચન પસાયે તત્ત્વરસાયણની પ્રાપ્તિ થઇ છે. તેથી મારું ચિત્ત પ્રભુની ભક્તિમાં વસવાથી ભાવરોગ મટી જશે પણ હવે હે તરણ-તારણ શ્રી સુબાહુ જિનેશ્વર ! બત્રીશ દોષ રહિત તથા વાણીના પાંત્રીશ ગુણ સહિત પરમામૃતરૂપ આપના વચનોના પસાયે જ્ઞાનાવરણાદિ કર્મ-રોગને અત્યંત દૂર કરી આત્મ વીર્યની સંપૂર્ણ વૃદ્ધિ, પુષ્ટિ કરનાર દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વની મને પ્રાપ્તિ થઇ છે તેથી મારી ચિત્તવૃત્તિ મનોજ્ઞ અમનોજ્ઞ પરદ્રવ્યથી નિવૃત થઇ પ્રભુની આજ્ઞા પાળવારૂપ ભક્તિમાં લીન થશે તેથી મારા જ્ઞાનાવરણાદિ સર્વે ભાવ રોગો સૂર્યથી જેમ અંધકાર નષ્ટ થાય તેમ તત્કાલ વિનાપ્રયાસે નષ્ટ થઇ જશે એવા નિશ્ચયથી મારો ભવભ્રમણનો અત્યંત ભય દૂર થયો છે. (૭)

જિનવર વચન અમૃત અનુસરીયે,
તત્ત્વ રમણ આદરિયે રે. પ્રભુ.
દ્રવ્ય-ભાવ-આશ્રવ પરિહરિયે,
**દેવચંદ્ર** પદ વરિયે રે. પ્રભુ શ્રી. ( ૮ )

**સ્પષ્ટાર્થ**:-જિનેશ્વરના અમૃત સમાન વચન અનુસારે વર્તીયે, તત્ત્વ રમણના ગ્રાહક થઇએ. દ્રવ્યાસ્રવ તથા ભાવાસ્રવનો ત્યાગ કરીયે તો દેવમાં ચંદ્રમા સમાન સિદ્ધપદ વરીયે.

હે સુબાહુ જિનેશ્વર ! આપ સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી સાચા આપ્ત છો. આપના જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

**શ્રી શત્રુંજય ગિરિરાજમાં ( જૈન સોસાયટીમાં ) ઉજવાયેલો પ્રતિષ્ઠા મહોત્સવ અને ગામોગામના જૈનોની માનવમેદની વચ્ચે મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજને પંન્યાસ પદાર્પણ.**

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની શીતળ છાયામાં આવેલ જૈન સોસાયટીની રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી ભાઇની કાળજીભરી ભક્તિવાળી દેખરેખ હેઠળ તૈયાર થયેલ નૂતન જિનમંદિરમાં બારમા તીર્થંપતિ શ્રી વાસુપૂજ્યસ્વામી આદિ ભગવંતોની મહા શુદિ ૧૩ ના પવિત્ર દિવસે આચાર્ય ભગવંતો મુનિરાજો વગેરે ચતુર્વિધ શ્રીસંઘ સમસ્ત અપૂર્વ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

રચનામંડપમાં શ્રી ઇલાચીકુમાર, પાર્શ્વકુમાર અને કમઠ, ત્રિશલામાતાના ચૌદ સ્વપ્નાં, મેરૂપર્વત અને સમોસરણની આકર્ષક રચના કરવામાં આવી હતી.

તા. ૧૭–૨–૫૧ ના રોજ બપોરના બે વાગે જૈન સોસાયટીથી જૈનયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.

**પંન્યાસપદાર્પણ.**

શાંત તપોમૂર્તિ પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીને પંન્યાસ પદવીથી વિભૂષિત કરવાની વિધિ તા. ૧૮–૨–૫૧ ના રોજ સવારના ૧૧ વાગે પ્રારંભ થઇ હતી. પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનું શુકલકડી શરીર અને શાંત મુખમુદ્રા જોઇને સૌ કોઇ સંયમની અનુમોદના કરી રહ્યા હતા. પૂજ્ય શ્રી વિજયપ્રેમસૂરિજી તથા શ્રી રામચંદ્રસૂરિજીએ વિધિપૂર્વક પંન્યાસ પદવી અર્પણ કરી હતી. પૂ. પંન્યાસજી મહારાજે " આણાએ ધમ્મો " એ વિષય પર સુંદર શૈલીમાં પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ કામળી, કપડાં વગેરે વહેંચવામાં આવેલ, જેનો એક મોટો ઢગ થયો હતો.

રૂ. ૫૧૦૦૦ ની મોટી રકમ આપી હોવાથી શ્રી મુળનાયકજીને જામનગરનિવાસી સ્વ. શેઠશ્રી શાંતિલાલ ખેતશીભાઇના ધર્મપત્ની શ્રી ઉજમબેને ગાદીનશીન કર્યા હતા. તેમજ રૂ. ૧૧૧૧૧ ઉછામણી બોલી શેઠશ્રી ફુલચંદભાઇ પરશોત્તમદાસ તંબોળીએ શ્રી નેમિનાથ ભગવાનને, રૂ. ૮૧૧૧ ઉછામણી બોલી વઢવાણનિવાસી શેઠશ્રી જીવણલાલ અભજીભાઇ તરફથી શ્રી શાંતિનાથ ભગવાનને, રૂ. ૭૧૧૧ ની ઉછામણી બોલી રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઇએ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી. રૂ. ૭૧૧૧ ની ઉછામણી બોલી શેઠશ્રી બકુભાઈ મણિલાલે શ્રી મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી હતી. ત્યારબાદ શેઠશ્રી અમથાલાલ જુમખરામ તરફથી શ્રી આદિનાથ

---

વચન આ ચાર ગતિરૂપ અત્યંત ભયંકર પારાવાર ભવસમુદ્રથી પાર ઉતારી શિવસ્થાનકે પહોંચાડવાને અદ્વિતીય નૌકા સમાન છે તથા દુષ્ટ જ્ઞાનાવરણાદિ કર્મ–રોગવડે પીડાતા દુર્બલ આત્મવીર્યથી હીણ થયેલાને તે રોગ દૂર કરી આત્મવીર્યે સંપૂર્ણ પુષ્ટ કરવાને અમૃત સમાન છે, માટે જો આપના વચનને અમે અનુસરીયે, તે પ્રમાણે વર્તીયે, અને શુદ્ધાત્મ તત્ત્વનું રમણ કરીયે–તેમાં લીન થઇએ તથા અભિનિવેશાદિ પાંચ મિથ્યાત્વ, હિંસાદિ પાંચ અવ્રત તથા ક્રોધાદિક કષાય, વિકથાદિ પ્રમાદ તથા ઔદારિક કાયયોગ આદિ યોગનો પરિહાર કરીયે. રાગ–દ્વેષાદિ વિભાવનો ત્યાગ કરીયે તો નવાં કર્મ આવતાં બંધ થાય અને પૂર્વસંચિત કર્મની નિર્જરા થાય તેથી દેવમાં ચંદ્રમા સમાન પરમાત્મપદની પ્રાપ્તિ થાય અતીંદ્રિય–અવ્યાબાધ અનંત સુખની પ્રાપ્તિ થાય. ( ૮ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનની પ્રતિષ્ઠા થઇ હતી. શેઠશ્રી મૂળચંદ ડાહ્યાભાઇ દલાલે શ્રી આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી. શેઠશ્રી જીવણલાલ અબજીભાઇ તરફથી શ્રી દહેરાસરજી ઉપર ધ્વજદંડ ચડાવવામાં આવ્યો હતો. રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઇએ નૂતન જિનમંદિર પર કળશ ચડાવ્યો હતો, તથા શેઠશ્રી નગીનદાસ કરમચંદ સંઘવીએ સ્થાપન કર્યું હતું.

બપોરના અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું અને જામનગરનિવાસી સ્વ. શેઠશ્રી શાંતિલાલ ખેતશીભાઇના ધર્મપત્ની ઉજમબેન તરફથી સાધાર્મિક વાત્સલ્ય થયું હતું. પ્રતિષ્ઠા મહોત્સવ પર પધારેલા આગેવાનોની સંખ્યા બહુ સારા પ્રમાણમાં હતી.

## જૈન સસ્તા સાહિત્ય સંબંધી.

### "શ્રી નમસ્કાર મહામંત્ર"

"શ્રી નમસ્કાર મહામંત્ર" ઉપર શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રકાશન કમિટીએ જે નિબંધ માગ્યા હતા, તેની કુલ સંખ્યા ત્રીશ થઇ હતી, અને તે માટેનું પ્રથમ ઈનામ શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્યને ફાળે ગયું છે, અને બાકીના લેખક મહાશયોમાંથી શ્રીયુત રાંકા દેવીલાલ જૈનને રૂા. ૭૫)નું પારિતોષિક, તથા (૧) પંડિત બંશીધર ન્યાયતીર્થ શાસ્ત્રીજી, (૨) પંડિત નેમિચંદ્ર શાસ્ત્રીજી (૩) શ્રીયુત કૈલાસચંદ્ર શાસ્ત્રીજી. (૪) શ્રીમતી વસન્તબાઇ ભસોડ જૈન (૫) શ્રીયુત વિરેન્દ્રપ્રસાદ જૈન (૬) શાહ શાંતિલાલ ખેમચંદ (૭) શાહ રતિલાલ મફાભાઇ (૮) શ્રીયુત મીઠાલાલ સુરડિયા (૯) શ્રીયુત મોહનલાલ દલીચંદ કોઠારી (૧૦) પંડિત વસિષ્ઠજી યાજ્ઞિક (૧૧) ડૉ. એન કે. ગાંધિ દરેકને રૂા. ૪૦) નું પારિતોષિક આપવાનું પરીક્ષક કમીટીએ ઠરાવેલ છે. શ્રી નમસ્કાર મહામંત્ર અંગેની નિબંધની જાહેરાત તા. ૨૫-૫-૧૯૫૦ ના રોજ બહાર પડી હતી તેમાંની કલમ આઠ વિદ્વાન લેખક મહાશયો વાંચી જશે એવી આશા રાખીએ છીએ.

## ધ્રાંગધ્રા જૈન બોર્ડિંગની થયેલ ઉદ્ઘાટન ક્રિયા.

ધ્રાંગધ્રા શહેરના રાજસાહેબના હસ્તે તા. ૧૬-૨-૧૯૫૧ ના રોજ દાનવીર શેઠ પુરૂષોત્તમ સુરચંદ તરફથી રૂા. પચાશ હજારના ખરચે બંધાવેલ જૈન બોર્ડિંગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના વડા પ્રધાન વગેરેના મુબારકબાદીના એક સો જેટલા સંદેશાઓ આવ્યા હતા. શેઠ માણેકચંદ નાનજીભાઇ અને ધ્રાંગધ્રા રાજસાહેબે, શેઠ સાહેબ પુરૂષોતમદાસ ભાઇની કેળવણીપ્રિયતા અને ઉદારતા માટે પ્રશંસનીય વક્તવ્ય રજુ કર્યું હતું. શેઠ સાહેબ પુરૂષોત્તમદાસભાઇએ રૂા. પચાશ હજાર બોર્ડીંગ ચલાવવા માટેના ફંડમાં મળી રૂા. એક લાખ અને જુદા જુદા સ્નેહી અને શહેરીઓ તરફથી ફંડમાં કુલ મળી રૂા. ૧૫૦૭૫૧ અને રાજસાહેબે રૂા. એક હજાર લાઇબ્રેરી માટે આપ્યા હતા. આવી શિક્ષણપ્રિયતા, ધર્મવીર ઉદ્યોગવીર તરીકે એક પુણ્ય પ્રભાવક પુરૂષ શેઠ શ્રી પુરૂષોત્તમદાસભાઇને આ સભા અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપે છે.

## શેઠ ભોગીલાલ કોમર્સ હાઇસ્કુલનું ઉદ્ઘાટન.

શ્રી ભોગીલાલ મગનલાલ વાણિજ્ય વિદ્યા અને ગૃહઉદ્યોગમંદિરના મકાનનું ઉદ્ઘાટન નેકનામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજી બહાદુરના શુભ હસ્તે તા. ૨૫-૨-૫૧ના રોજ કરવામાં આવેલ હતું. મંગળ કાવ્ય ગવાયા બાદ શેઠશ્રી ધરમદાસ હરગોવિંદદાસની વિનંતીથી નેકનામદાર મહારાજા સાહેબે મકાનની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી. શ્રીયુત મંત્રી મનસુખભાઇએ આ સંસ્થામાં લગભગ રૂા. દોઢ લાખની ઉદાર સખાવત શ્રીયુત ભોગીલાલભાઇની કરી હોવાનું અને મધ્યમ વર્ગના ભાઇઓને ડીગ્રીવાળું વેપારી તેમજ ઉદ્યોગો અંગેનું સર્ટીફીકેટ જેવું પણ શિક્ષણ અપાશે. તે જણાવ્યા બાદ શેઠશ્રી શાંતિલાલ મંગળદાસ તેમજ અન્ય વક્તાઓએ સંસ્થા તેમજ શ્રી ભોગીલાલ ભાઇની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યદક્ષતા અંગે સુંદર વિવેચન રજુ કર્યું હતું. ત્યાર બાદ શેઠશ્રી ભોગીલાલ ભાઈએ સૌનો આભાર વ્યક્ત કરી સંસ્થાનો સારા પ્રમાણમાં જનતા લાભ લેતી રહે તેવી આશા વ્યક્ત કરી હતી. બાદ નેકનામદાર મહારાજા સાહેબ કૃષ્ણકુમારસિંહજીએ આવી સંસ્થા મધ્યવવર્ગને આશીર્વાદરૂપ:જરૂર નીવડશે, અને આવી સ્કુલ સ્થાપી નવો ચીલો પાડનાર દાનવીર શેઠશ્રી ભોગીલાલ ભાઈને ધન્યવાદ આપ્યો હતો. ત્યારબાદ શ્રી રમણિકલાલ ભોગીલાલ ભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો. પુણ્ય પ્રભાવે પ્રાપ્ત કરેલી લક્ષ્મીનો આવી લોકપયોગી સંસ્થાના ઉદ્ઘાટનમાં ઉપયોગ થતો જોઈ આ સભા દાનવીર શેઠશ્રી ભોગીલાલભાઈને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપે છે.

# વિહાર વર્તમાન

પૂ. પા. આ. મ. **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**, આ. **શ્રી વિજયકસ્તૂરસૂરીજી મહારાજ** આદિ મુનિમંડલી પાલણપુરથી મહા શુદિ દશમે વિહાર કરી જગાણા વગેરે ગામે થઈ મહા વદિ પ્રતિપ્રદાએ પાટણ શહેર પધાર્યા.

સર્વે ગામના શ્રી સંઘોએ પોતપોતાના ગામને શણગારી આચાર્યશ્રીજીનું સામૈયા સાથે સુંદર સ્વાગત કર્યું હતું, અને આચાર્યશ્રીજીના વ્યાખ્યાનોનો લાભ લીધો હતો. વિહારના દરેક ગામોમાં સામૈયા થયા હતાં. ચારૂપથી આચાર્યશ્રી આદિ વિહાર કરી પાટણ પંચાસરાજી પધાર્યા. અત્રે શ્રી સંઘે સામૈયાની સાથે ધામધૂમથી નગરપ્રવેશ કરાવ્યો. શહેરના દરેક મોટા નાના લત્તાઓ ધ્વજા, પતાકા વગેરેથી શણગારવામાં આવેલ હતા. બપોરના બાર વાગતે આચાર્યશ્રીજી આદિ મણીયાતી પાડામાં સાગરના ઉપાશ્રયે પધારતાં માંગલિક સંભળાવી સંગઠન વિષે ઉપદેશ આપ્યો હતો. ન્યાયવિશારદ મુનિ **શ્રી ન્યાયવિજયજી મહારાજ** વગેરે અન્ય મુનિ મહારાજો સામૈયામાં પધાર્યા હતા, સુંદર સામૈયું થયું હતું. બીજના દિવસે પોપટલાલ ભીખાભાઈની વિનંતીથી રાજકાવાડા મુંબઈ સ્વયંસેવક બેન્ડાદિ સામૈયાની સાથે પધાર્યા, ત્યાં દોઢ કલાક આચાર્યશ્રીજીએ સંગઠન અને સાધર્મિક વાત્સલ્ય ઉપર ઉપદેશ આપ્યો હતો.

ચારેક વાગ્યે આચાર્યશ્રીજી આદિ મુનિમંડલ શ્રી મલ્લિનાથ ભગવાનના દહેરાસરે શ્રી અષ્ટોતરી સ્નાત્રમાં પધાર્યું હતું. આચાર્યશ્રીજીએ **સ્વાહાનો** ભાવાર્થ સમજાવેલ હતો. મહા વદિ ૪ રવિવારે આચાર્યશ્રીજીએ કોટાવાલાની ધર્મશાળામાં શ્રી સંઘની વિનંતીથી 'અપના કર્તવ્ય' વિષય ઉપર જાહેર ભાષણ આપ્યું હતું. અગીયારસે વિહાર કરવા તૈયારી રાખી હતી. કંબોઈ તીર્થના વહિવટકર્તા લાલભાઈ લઠ્ઠા કંબોઈ તીર્થ પધારવાની અને ચાણસ્મા આદિના પોતપોતાના ગામમાં પધારવાની વિનંતી કરવા આવ્યા હતા. 'મનુષ્યભવની દુર્લભતા' ઉપર લગભગ ૧॥ એ કલાક આચાર્યશ્રીજીએ વાગોલના પાડે પ્રભાવશાલી વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર જોયું.

બાકીના દિવસોએ સાગરના ઉપાશ્રયે આચાર્યશ્રીજીના વ્યાખ્યાનો, આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીજી મહારાજ અને મુનિ શ્રી જનકવિજયજી મહારાજના ભાષણો થયાં હતાં. અગિયાસર શનિવારે વિહાર કરી આચાર્યશ્રીજી આદિ તથા પરિવાર કુંડગેર, બારસે રૂપપુર પધાર્યા હતા જ્યાં સાત ક્ષેત્ર ઉપર અત્રેથી વિહાર કરી શંખેશ્વરજી પધારશે ત્યાં ફા. સુ. સાતમની સંક્રાન્તિ કરી સિદ્ધાચલજી તરફ વિહાર લંબાવશે.

## જૈન સમાજના મધ્યમ વર્ગ રાહત શુભેચ્છક મંડળ-ભાવનગરનો ઈનામી મેળાવડો.

આજરોજ ફાલ્ગુન સુદ ૪ રવીવારના રોજ ઉપરોક્ત મંડળનો ઈનામી મેળાવડો શ્રી **જૈન આત્માનંદ** સભાના મકાનમાં શેઠ ભોગીલાલ લેકચર હોલમાં દાનવીર શેઠ **ભોગીલાલભાઈ** મગનલાલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. પ્રથમ આમંત્રણ પત્રિકા વંચાઈ રહ્યા બાદ તે મંડલના સેક્રેટરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીયુત ગુલાબચંદ લલ્લુભાઇએ બાર માસની કાર્યવાહી (જે સ્ત્રી ઉપયોગી શિવણ ગુંથણનું કાર્યને માટે એક નિષ્ણાત સિંધીબાઇના સારા પગારે રોકી હતી તે તથા પાપડ વગેરે વણવાનું કાર્ય તેમજ પુરૂષ ઉપયોગી શિક્ષણ ટાઇપરાઇટીંગ, નામાનું વગેરે કાર્યો માટે જુદી જુદી બ્હેનો ભાઇની કમીટી નીમી જે કાર્ય શરૂ કર્યું હતું તેમજ આ મંડળની શરૂઆત કેમ થઇ વગેરે કાર્યવાહી)નો લંબાણ રિપોર્ટ રજુ કર્યો હતો. ત્યારબાદ વકીલ ભાઇચંદ અમરચંદે મધ્યમવર્ગ કેવો પીસાઇ રહ્યો છે આવા રાહત મંડળની જરૂરીઆત વગેરે ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે મંડળ અને તેના કાર્યની ઉપયોગીતા સમયસર થઇ હતી અને આજે જૈન કોમમાં ત્રણશેહથી ચારશે વ્યાપારીઓ જૈન બંધુઓ લક્ષાધિપતિ તેઓએ આ ખાતાને ઘેર બેઠા સહાય તરીકે નાણા મોકલી તેના ઉત્સાહમાં વધારો કરવો જોઇએ. દાનવીર ભોગીલાલભાઇ જેવા પુણ્ય પ્રભાવક પુરૂષ આ ખાતાના અધ્યક્ષ છે અને સહાધ્યાયી ખાન્તિલાલ ભાઇ હોવાથી શેઠ ભોગીલાલની પાંચ વર્ષ પાંચશેંહ પાંચશેહ રૂપીયાથી અને તે બને સ્નેહીઓ દુકાને દુકાને જઇ દરેક બધુઓ પાસેથી રૂા–સો–સો લઇ કરેલી આ મંડળની શરૂઆત અને કરી બતાવેલ કાર્ય જોતાં સંતોષ થાય છે જેથી તેની પ્રગતિ કરવા જૈન બંધુઓએ યથાશક્તિ પૂરતી સહાય આપવી જોઇએ વગેરે કાર્યવાહીની વ્યવસ્થા, સારી શરૂઆત ભવિષ્યની સારી આશા જણાવી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી દર વર્ષ રૂા. ૧૦૧) એકસોએક પાંચ વર્ષ સુધી સહાય કરવા આપે છે તે પ્રમુખશ્રીને સ્વીકારવા વિનંતી કરવામાં આવી. ત્યારબાદ આ મંડળના સેક્રેટરી ભગવાનદાસે આ કાર્યની શરૂઆત માટે જે પરિશ્રમ સેવ્યો હતો તે જણાવતાં પણ દાનવીર ભોગીલાલભાઇ અને શ્રી ખાન્તિલાલ વોરાની શરૂઆતનો પ્રસંશાયુક્ત પ્રયાસથી આ કાર્યની શરૂઆત થઇ છે તેમ જણાયું છે.ત્યારબાદ માન્યવર પ્રમુખ સાહેબે આ ખાતાની ઉપયોગીતા માટે વિવેચન કરી તેઓના વક્તવ્યમાં આ ખાતાની પ્રગતિ વિશેષ થાય તેવી વિશિષ્ટ પ્રકારે ઇચ્છા જાણી સર્વને આનંદ થાય તે સ્વાભાવિક છે. ત્યારબાદ અત્રેશ્રી સંઘના સેક્રેટરી શ્રીયુત જુઠાભાઇએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે હું હવે વૃદ્ધ થયો છું. મધ્યમવર્ગને રાહત માટે આવા ખાતાની જરૂર છે. એક હજાર ઘર માટે હું વિચાર કરી રહ્યો છું. વ્યવહારમાંના લગ્નાદિક ખર્ચ ઘટાડવા બ્હેનો શિવણ ગુંથણનું કામ શિખી જાય આખો સમાજ તેને જ કામ આપે તેમ થવું જોઇએ. વિદ્યાર્થીઓને સ્કુલની શિક્ષણ બુકો માટે કોઇ પાસે લેવા જવું ન પડે તેવી તૈયારી ચાલે છે .શ્રી જૈન આત્માનંદ સભા (આ સભા પાસે) લાખો રૂપીયા છે, તે શિક્ષણ કાર્ય ઉપાડે તો કરી શકે તેવું છે (જો કે આ સભાના તેઓ માનવંતા લાઇફ મેમ્બર છે) વગેરે જણાવી પોતાનું નિવેદન પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ બ્હેનો બંધુઓ વગેરેને ઉપયોગી વસ્ત્રો ઇનામમાં પાસ થયેલ અને સર્વને આપવામાં આવ્યાં. ત્યારબાદ સેક્રેટરી છોટાલાલ નાનચંદ શેઠના પ્રમુખશ્રી અને આવેલા ગૃહસ્થોનો આભાર માન્યાબાદ પ્રમુખશ્રીને ફૂલહાર અર્પણ થતાં મેળાવડો વિસર્જન થયો હતો.

## શેઠ ફકીરચંદ કેશરીચંદનો સ્વર્ગવાસ.

શેઠ ફકીરચંદ કેશરીચંદ શ્રોફ બીલીમોરાવાળાનું મુંબઇમાં મહા સુદી ૧૩ ના રોજ ખેદજનક અવસાન થયું છે. તેઓશ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ પાલીતાણાનાં શરૂઆતથી જ સેક્રેટરીપદે હતા અને પછી પ્રમુખપદે આવ્યા હતા. કેળવણી પ્રત્યે તેમને ઘણી જ લાગણી હતી અને ઘણા વર્ષો સુધી સેવા કરી હતી. તેઓ આ સભાનાં માનવંતાં લાઇફ મેમ્બર હતા. તેમનો સ્વભાવ ઉદાર અને ધર્મશ્રદ્ધાળુ હતો. તેમનાં અવસાનથી સભાને એક લાયક સભ્યની ખોટ પડી છે. પરમાત્મા તેમનાં આત્માને અખંડ–અનંત શાંતિ આપે તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તય, જૈન દર્શનની ઉદારતા, વગેરે ત્રીશ વિષયોનું સુંદર સ્વરૂપ, સાદી, સરલ ભાષામાં વિવેચન કર્યું છે. દરેક વિષયોના અનેક ગ્રંથો મૂળ, અનુવાદો પ્રકટ થયેલાં વાંચતા ઘણો વિલંબ થાય કે જિજ્ઞાસુઓને કદાચ વાંચતા પ્રમાદ થાય તો આ ગ્રંથમાં સંક્ષિપ્ત સ્વરૂપ હોવા છતાં જૈન દર્શનનું સ્વરૂપ મનનપૂર્વક વાંચવાથી સારી રીતે સમજી શકાય તેવું છે. ધાર્મિક શાળામાં આ દરેક વિષયો ઉપર જાણકાર શિક્ષકોએ થોડું થોડું પણ ગ્રહણ કરી શકે તેવી રીતે બાળક બાળિકાઓને આ ગ્રંથમાંથી કેટલાક કે બધા વિષયો સમજાવવા, જ્ઞાન પ્રાપ્ત કરાવવા જેવા છે. કૃપાળુ લેખક મુનિમહારાજની આ કૃતિ ઘણીજ ઉપયોગી જણાયેલી છે. કૃપાળુશ્રીને વિનતિ છે કે એક એક તત્વજ્ઞાનના વિષયો લઇ તેને સંક્ષિપ્ત અને સરળ રીતે રચી જૈન સમાજ ઉપર તે ઉપકાર કરવાની જરૂરીયાતો અમે જોઇએ છીએ. કિંમત બે રૂપીયા.

---

## જલદી મંગાવો. ઘણી થોડી નકલો સીલિકે રહે તેમ છે.

### કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત–

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ–પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વોમાં સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

---

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) થોડા દિવસમાં છપાઇ જશે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, શ્રી સમેત્તશિખર તીર્થના જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો સર્વ ત્રણ કલર, બે કલર વગેરેના આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધારજ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે **પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો મળી શકશે.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

## શ્રી માણિકયચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૭૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

# શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂવાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં મૂળ સંસ્કૃત ભાષામાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સચિત્ર શ્રી જૈન પાઠશાળા, કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ કરતા બાળક બાળિકાઓ સહેલાઇથી મુખપાઠ ( મ્હોડેથી ) કરી શકે તેવા, સાદા સરલ અને ટુંકા છે. તેનો ગુજરાતીમાં થયેલ અનુવાદ સાથે શુમારે ક્રાઊન બાર ફોર્મ માત્રમાં સમાવેશ થઇ શકે તેવા છે; સાથે ( જિનેન્દ્ર ભગવંતો ) ના ચાર રંગમાં શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ પરમાત્માની નિર્વાણ ભૂમિના ( તીર્થ, પર્વતો કે અન્ય સ્થળો ) ના વિવિધ રંગના ફોટાઓ સાથે આ સભા બહુ જ આકર્ષક સચિત્ર અનુવાદ-ગુજરાતી ભાષાંતર છપાવવા વિચાર ધરાવે છે. આ એક કલાકૃતિના અદ્‌ભુત નમુનો બનશે. એક હજાર કોપીના શુમારે ત્રણ હજાર રૂપીયા ખર્ચ ( સખ્ત મોંઘવારી હોવાથી થાય તેમ છે. ) આર્થિક સહાય આપનાર જૈન બંધુનો ફોટો, જીવનવૃત્તાંત સાથે આપવામાં આવશે. અમારા લાઇફ મેમ્બરોને ભેટ આપવા ઉપરાંત આર્થિક સહાય-આપનારની ઇચ્છા પ્રમાણે બાકીની તે ચરિત્ર બુકોનો વ્યય કરવામાં આવશે. એક કરતાં વધારે શ્રીમંત જૈનબંધુઓને તે લાભ લેવો હોય તો તેમ પણ સભા ધારા ધોરણ પ્રમાણે સગવડ કરી આપશે.

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only